# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-02-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તરપ્રદેશનાં પ્રયાગરાજ ખાતે મહાકુંભના ત્રિવેણી સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી.

2) **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું, ભગવાન મહાવીર સ્વામીના સિદ્ધાંતો સમસ્ત માનવતા અને વિશ્વ કલ્યાણનો આધાર છે**

3) રાજ્યની 2 હજાર 900 પેક્સ ટૂંક સમયમાં જ લાઈવ થશે

4) **રાજ્યના યાત્રાધામો સુધી પહોંચવા 47 લાખથી વધુ યાત્રાળુએ ઉડનખટોલાનો લાભ લીધો**

5) **રાજકોટ સિવિલ હોસ્પિટલમાં 6 હજાર 779 દર્દીઓની સફળ પ્લાસ્ટિક સર્જરી કરાઈ.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM MAHAKUMBH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તરપ્રદેશનાં પ્રયાગરાજ મહાકુંભમાં ત્રિવેણી સંગમ ખાતે આજે પવિત્ર સ્નાન કરીને અર્ધ્ય અર્પણ કર્યું. આ પહેલા શ્રી પટેલે બડે હનુમાનજી મંદિરમાં પૂજા કરી હતી. દરમિયાન યાત્રાળુઓની સુવિધા માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા બનાવાયેલા ગુજરાત પેવેલીયનની મુલાકાત લઈ વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# AHMEDABAD GOVERNOR DIKSHA MAHOTSAV

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે ભગવાન મહાવીર સ્વામીના અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવા પાંચ સિદ્ધાંતો સમસ્ત માનવતા અને વિશ્વ કલ્યાણનો આધાર છે. અમદાવાદમાં 'ભગવાન મહાવીર દર્શનથી પ્રકૃતિ અને સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન' વિષયક રાષ્ટ્રીય સંગોષ્ઠી અને અભિનવ જૈન દીક્ષા મહોત્સવમાં શ્રી દેવવ્રતે આ મુજબ જણાવ્યું. આ કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, અહિંસા વિશ્વ ભારતી કેન્દ્ર આવનારા દિવસોમાં સમાજ માટે એક મોડેલ સેન્ટર બનશે.

. . . . . . . . . . . . .

# PACS COMPUTERIZATION

રાજ્યની બે હજાર નવસો પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ-પેક્સ ટૂંક સમયમાં જ સક્રિય થશે. પેક્સ કમ્પ્યુટરાઇઝેશન યોજના અંતર્ગત રાજ્ય સરકાર પેક્સ દીઠ 4 લાખ રૂપિયાની નાણાંકીય સહાય આપી રહી છે. આ યોજના અંતર્ગત પેક્સને ડેસ્કટોપ, મલ્ટી-ફંક્શન પ્રિન્ટર્સ, ભૌતિક VPN ઉપકરણો, બાયોમેટ્રિક સ્કેનર્સ, વેબ કૅમેરા, UPS સિસ્ટમ્સ અને જરૂરી સોફ્ટવેરથી સજ્જ કરવામાં આવી છે. આ ઉપરાંત, પેક્સના તમામ ડેટાનું ડિજિટલાઇઝેશન કરવામાં આવશે અને એક વ્યાપક સપોર્ટ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સહકાર મંત્રાલયેતમામ પેક્સને એક યુનિફાઇડ એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ પ્લેટફૉર્મ પર એકીકૃત કરવા માટે પેક્સ કમ્પ્યુટરાઇઝેશન યોજના અમલમાં મૂકી છે. આ પહેલ પેક્સને રાજ્ય સહકારી બૅન્કો અને જિલ્લા કેન્દ્રીય સહકારી બૅન્કોના માધ્યમથી રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅન્ક-નાબાર્ડ સાથે જોડે છે.

. . . . . . . . . . . . .

# MILLET MAHOTSAV

રાજ્યની 7 મહાનગરપાલિકાઓમાં આવતીકાલથી બે દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ખેડુત બજાર 2025' યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતેથી રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવનો પ્રારંભ કરાવશે. જેમાં શહેર-જિલ્લા સહિત રાજ્યભરમાંથી મિલેટ ઉત્પાદકો, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકો, ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદકો સહિત ખેડૂતો, સંસ્થાઓ અને વેપારીઓ ભાગ લેશે.

આ મહોત્સવમાં વિવિધ પ્રકારના પરિસંવાદો, તાલીમ, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત મિલેટ વેચાણ અને પ્રદર્શન સ્ટોલ્સ અને મિલેટ લાઈવ ફૂડ સ્ટોલ્સ મુલાકાતીઓમાં આકર્ષણ જમાવશે. જેમાં 105 જેટલાં પ્રદર્શન અને વેચાણ સ્ટોલ્સ પર વિવિધ પ્રકારના મિલેટ પ્રોડક્ટ્સ, પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક ખેતી પ્રોડક્ટ્સ સહિત વિવિધ ખેત ઉત્પાદનો અને અન્ય પેદાશો જોવા અને ખરીદવા મળશે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR -KHEL MAHAKUMBH

મહીસાગર જીલ્લાના મુખ્યમથક લુણાવાડાના ઈન્દિરા મેદાન ખાતે આજથી બે દિવસીય દિવ્યાંગો માટેનો વિશેષ ખેલ મહાકુંભનો શુભારંભ કલેકટર નેહા કુમારીની ઉપસ્થિતિમાં કરાયો.

આ મહાકુંભમાં 110 પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ, 354 અસ્થિવિષયક ધરાવતા ખેલાડીઓ, તેમજ 102 શ્રવણમંદ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આવતીકાલે બૌદ્ધિક અક્ષમતા ધરાવતા કુલ ૫૪૨ જેટલા ખેલાડીઓ ભાગ લેશે.

આ ખેલાડીઓ માટે રમતો ૩ વિભાગમાં વહેચવામાં આવી છે. એથ્લેટિક્સ - હાયર એબીલીટી, એથ્લેટિક્સ - લોવર એબીલીટી અને સાયકલિંગ, પ્રજ્ઞાચક્ષુ ૮ ખેલાડીઓ માટે ચેસ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# IRMA – AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહ દ્વારા આણંદની ઇરમાને વિશ્વવિદ્યાલય બનાવવા માટે ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે. ઈરમાના ડાયરેક્ટર ઉમાકાંત દાસે તેમની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે ઈરમા માટે ગૌરવની બાબત છે કે અમારી સંસ્થાને વિશ્વવિદ્યાલયનો દરજ્જો મળશે તેમણે વધુમાં ઉમેર્યું હતું કે સંસ્થા ખાતે ચાલતા અભ્યાસક્રમો માટે શૈક્ષણિક કાર્યક્રમો વિકસીત કરવામાં આવશે. અને કર્મચારીઓને ખાસ તાલીમ આપવામાં આવશે. અમારી સંસ્થા વિશ્વવિદ્યાલય બનતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં વિશેષ યોગદાન આપશે તેમ તેમણે ઉમેર્યું હતું.

બાઈટ : ઉમાકાંત દાસ ( ડાયરેક્ટર ઇરમા)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# ROPE WAY

**રાજ્યમાં પર્વતો પર આવેલા યાત્રાધામો સુધી પહોંચવા ગયા વર્ષે 47 લાખથી વધુ યાત્રાળુઓએ ઉડનખટોલાનો લાભ લીધો.** જેમાં ગયા વર્ષે જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન, પાવાગઢમાં 24 લાખથી વધુ પ્રવાસીઓએ, ગિરનારમાં સાડા 7 લાખથી વધુ જ્યારે અંબાજી રોપ-વેનો સાડા 15 લાખથી વધુ યાત્રાળુઓએ રોપ-વેની સેવાનો લાભ લીધો છે. દરમિયાન છેલ્લા **ચાર વર્ષમાં 30 લાખથી વધુ પ્રવાસીઓએ અઢી કિલોમીટર લાંબા ગિરનાર રોપ-વેનો લાભ લીધો છે.**

. . . . . . . . . . . . .

# RAJKOT CIVIL

**રાજકોટ સિવિલમાં વર્ષ 2024માં રિકંસ્ટ્રક્શનના 68 જટિલ ઓપરેશન સહિત 6 હજાર 779 દર્દીઓની પ્લાસ્ટિક સર્જરી કરાઈ. સિવિલ હોસ્પિટલના વડા ડૉક્ટર મોનાલી માકડીયા જણાવે છે કે** ચાલુ વર્ષે માત્ર જાન્યુઆરીમાં 586 સર્જરી કરાઇ છે. તેમણે ઉમેર્યું કે રાજકોટ સિવિલ ખાતે રાજ્યની પ્રથમ સ્કિન બેન્ક વર્ષ 2023થી કાર્યરત છે. આજ સુધીમાં 46 જેટલા સ્કિન ડોનેશન મળ્યા છે. **40 બેડની અલાયદી ઈન્ડોર સુવિધા, બે મોડ્યુલર ઓપરેશન થિયેટર સહિતની વ્યવસ્થા** રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

. . . . . . . . . . . . .

# DAMAN PM VISHWAKARMA CAMP

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નાની દમણ ખાતે પી એમ વિશ્વકર્મા યોજના માટે જાગરૂકતા અને નોંધણી કેમ્પનું આયોજન કરાયું. સૂક્ષ્મ, લઘુ, મધ્યમ એન્ટરપ્રાઇઝ મંત્રાલય દ્વારા આયોજિત કરાયેલા આ કેમ્પમાં માછીમારોને જાળ અને હોડી બનાવવાની યોજનાની સમજ આપવામાં આવી. આ અંગે પી. એમ. વિશ્વકર્મા યોજનાના નોડલ અધિકારી માનવેંદુ દાસે વધુ માહિતી આપી.

(બાઈટ : માનવેંદુ દાસ, નોડલ અધિકારી)

. . . . . . . . . . . . .

# PATIDAR CASEs WITHDRAW

રાજ્ય સરકારે પાટીદાર આંદોલનના રાજદ્રોહ સહિતના ગંભીર કેસ પરત ખેંચ્યા છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આ આંદોલનમાં હાર્દિક પટેલ, દિનેશ બાંભણિયા, અલ્પેશ કથીરિયા અને ચિરાગ પટેલ સામે ગંભીર કેસ નોંધાયા હતા. તેમની સામેના તમામ પોલીસ કેસ હવે પરત લેવાયા છે. ઉલ્લેખનીય છે કે, આંદોલન બાબતે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અમરેલી, અને સુરતમાં અલગ અલગ 14 પોલીસ કેસ નોંધાયા હતા.

આ કેસ પરત લેવા બદલ વિરમગામનાં ધારાસભ્ય હાર્દિક પટેલે સરકારનો આભાર વ્યકત કર્યો.

**(બાઈટ – હાર્દિક પટેલ, ધારાસભ્ય)**

. . . . . . . . . . . . .

# SOG-GANDHIDHAM

પૂર્વ કચ્છ એસઓજીએ ગાંધીધામમાં કુરિયર મારફતે માદક પદાર્થની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસને મળેલી બાતમીના આધારે ગાંધીધામના બિઝનેસ આર્કેડ સુભાષનગર વિસ્તારમાં આવેલી એક્સપ્રેસ કુરિયર ઓફિસ પર વૉચ ગોઠવવામાં આવી હતી. પોલીસે ઓડિશાથી આવેલા પાર્સલમાંથી એક લાખ એકવીસ હજાર રૂપિયાની કિંમતનો 12 કિલોથી વધુ માદક પદાર્થનો જથ્થો જપ્ત કર્યો છે. આ કેસમાં રાજીવ વિન્દેશ્વર રાય અને સુભાષ દાહોરની ધરપકડ કરવામાં આવી છે. બંને આરોપીઓને કુરિયર ઓફિસમાંથી પાર્સલ લઈને નીકળતા જ ઝડપી પાડવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .